જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના

ચતુર્થ લાલજી

શ્રીગોકુલનાથજી

લેખક :

કાન્તિલાલ ગાંધી (અમદાવાદ)

આ પ્રકાશનમાં દ્રવ્ય સહાયકર્તા -
વોલ્ગા ગેસ કંપની
નવનીતભાઇ સાંકળચંદ ભલાવત તથા અ.સૌ.ઈન્દિરાબેન એન.ભલાવત
તથા પરિવારના
(જી-૨૪, નેશનલ પ્લાઝા, આર.સી.દત્ત રોડ,વડોદરાના)
સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

: પ્રકાશક :
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ-વડોદરા.

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
(૧)ચુનીભાઇ શાહ, (૨)કૃષ્ણકાન્તભાઇ શાહ, (૩) વિનોદભાઇ શાહ
‘‘શ્રીરાધાકૃષ્ણકુંજ’’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૯, ચૈત્ર સુદ, ઈ.સ. એપ્રિલ -૨૦૧૩

પ્રત-૧૦૦૦

મૂલ્ય -રૂા.૧૫-૦૦

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

પૂ.ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા - સંસ્થાપિત
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા
પ્રકાશિત પુસ્તકોની યાદી

(❁ આ ચિહ્નવાળાં પુસ્તકો અપ્રાપ્ય છે)

(ગુજરાતી પુસ્તકો)

ષોડશગ્રન્થો વિષયક

	પુસ્તકનું નામ	લેખક	કિંમત	
(૧)	ષોડશ ગ્રન્થો (સરળસાર)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૦-૦૦	
(૨)	બાલબોધ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૩)	સિદ્ધાન્ત મુક્તાવલિ (સર્વ ટીકાઓના ભાવાનુવાદ સહ)	પ્રાચીન પુસ્તકનું પુનઃ પ્રકાશન	૨૦-૦૦	❁
(૪)	સિદ્ધાન્તમુક્તાવલી (શ્રીપુરુષોત્તમજીની ટીકા તથા તેના અનુવાદ સહ)	શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ	૧૦-૦૦	❁
(૫)	તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૬)	પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૭)	સિદ્ધાન્તરહસ્યદર્શન ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	ગો.શ્રી. ચંદ્રગોપાલજી	૬૦-૦૦	
(૮)	સિદ્ધાન્તરહસ્યદર્શન ભાગ-૨ (વિવરણ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૬૦-૦૦	
(૯)	સિદ્ધાન્તરહસ્ય (શ્રીગોકુલનાથજી તથા શ્રીપુરુષોત્તમજીની ટીકા તથા તેના અનુવાદ સહ)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૧૦)	નવરત્ન (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	
(૧૧)	સમર્પણનો સિદ્ધાન્ત	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	
(૧૨)	અન્તઃકરણપ્રબોધ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦	
(૧૩)	વિવેકધૈર્યાશ્રય (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	
(૧૪)	પુષ્ટિમાર્ગીય વિવેક	ગો.શ્રીચંદ્રગોપાલજી	૨૦-૦૦	
(૧૫)	વિવેકધૈર્યાશ્રયના અન્તર્ગત 'ધૈર્ય'	સૌ.શ્રીવ્રજલતાવહુજી	૫-૦૦	
(૧૬)	વિવેકધૈર્યાશ્રય (શ્રીગોપીશજીની ટીકા) (મૂલ તથા અનુવાદસહ)	ગો.શ્રીરાજકુમારજી	૧૦-૦૦	
(૧૭)	કૃષ્ણાશ્રય દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦	
(૧૮)	કૃષ્ણાશ્રયદર્શન ભાગ-૨ (સ્તોત્ર વિવરણ)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૪૦-૦૦	
(૧૯)	કૃષ્ણાશ્રય (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	❁
(૨૦)	ભક્તિવર્ધિની (શ્રીગોકુલનાથજી તથા શ્રીપુરુષોત્તમજી કૃત વિવૃતિ તથા તેના ભાવાનુવાદ સહ)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦	
(૨૧)	જલભેદ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦	
(૨૨)	જલભેદદર્શન ભાગ-૧ (પૂર્વ પીઠિકા)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫૦-૦૦	

(૨૩)	સંન્યાસનિર્ણય (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૨૪)	સંન્યાસનિર્ણય -૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૪૦-૦૦
(૨૫)	શિક્ષાશ્લોકાઃ (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચન્દ્રગોપાલજી	૫-૦૦

ભગવદ્ ગીતા વિષયક

(૨૬)	શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા કહેવાયેલ કર્મનું રહસ્ય ભાગ-૧-૨	ગો. શ્રીચંદ્રગોપાલજી	૩૦-૦૦
(૨૭)	શ્રીમદ્ ભગવદ્ગીતા વિષાદયોગ (પ્રથમ અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૨૮)	શ્રીમદ્ ભગવદ્ગીતા જ્ઞાનવિજ્ઞાનયોગ (સાતમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૨૯)	શ્રીમદ્ ભગવદ્ગીતા બ્રહ્મયોગ (આઠમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૦)	શ્રીમદ્ ભગવદ્ગીતા રાજવિદ્યારાજગુહ્યયોગ (નવમો અ.) (અ.-ભા.સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૧)	શ્રીમદ્ ભગવદ્ગીતા વિભૂતિયોગ (દસમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૩૨)	શ્રીમદ્ ભગવદ્ગીતા વિશ્વરૂપદર્શનયોગ (અગિયારમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૩)	શ્રીમદ્ ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અ.) (પ્રમીલા વ્યાખ્યાસહ)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦ ❁
(૩૪)	શ્રીમદ્ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અધ્યાય) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૩૫)	શ્રીમદ્ ભગવદ્ગીતા ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગ (તેરમો અ.) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૬)	શ્રીમદ્ભગવદ્ગીતા ગુણત્રય-વિ.યોગ(ચૌદમો અધ્યાય) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૩૭)	શ્રીમદ્ભગવદ્ગીતા પુરુષોત્તમ-યોગ (પંદરમો અધ્યાય) (અન્વય-ભાવાર્થ સહિત)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૩૮)	શ્રીમદ્ ભગવદ્ગીતા દૈવાસુરસમ્પદ્વિભાગયોગ (સોળમો અ.)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૩૯)	શ્રીમદ્ભગવદ્ગીતા શ્રદ્ધા વિવેકયોગ (સત્તરમો અધ્યાય)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૦)	શ્રીમદ્ભગવદ્ગીતા (મોક્ષ-સંન્યાસયોગ) (અઢારમો અધ્યાય)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૪૧)	ન્યાસાદેશ વિવરણ	(મૂલ તથા અનુવાદ)	૧૦-૦૦

(૪૨) સર્વનિર્ણય પ્રકરણ (કારિકા ૨૫૬ થી ૨૯૪)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૩) ભક્તિહંસ	ગો.શ્રીચન્દ્રગોપાલજી	૧૫-૦૦
(૪૪) શ્રીવલ્લભાચાર્યજીના મતે પ્રસ્થાનચતુષ્ટય	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૫) બ્રહ્મસમ્બન્ધ અથવા આત્મનિવદેન	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૪૬) શ્રીવલ્લભાચાર્યજીના મતે શ્રીભાગવત પ્રકરણ વિભાગ ‘રસમાલયમ્’	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૭) શ્રીવલ્લભવચનામૃત સંગ્રહ	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૪૮) વૈષ્ણવ માર્ગપ્રદર્શિકા (અધિકમાસ વગેરેમાં લેવા યોગ્ય નિયમો)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૪૯) જીવનનો સર્વશ્રેષ્ઠ પ્રકાર	સૌ.શ્રીવ્રજલતા વહુજી	૫-૦૦
(૫૦) શ્રીમદ્ભાગવત એક અધ્યયન	ઊર્મિલ (સાવલી)	૭-૦૦
(૫૧) પુષ્ટિમાર્ગીય જીવનપદ્ધતિ	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૫૨) પ્રશ્ન-ઉત્તર	**પ્રશ્નકર્તા-** ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી	૨૦-૦૦

ઉત્તર આપનાર :-

(૧) પૂ.ગો. શ્રીરસિકરાયજી મહારાજશ્રી
(૨) પૂ.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી
(૩) પૂ.ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી
(૪) પૂ.ગો. શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી
(૫)પૂ.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી
(૬) પૂ.ગો.શ્રીઇન્દિરાબેટીજી મહોદયાશ્રી

(૫૩) પુષ્ટિમાર્ગીય વ્યાવહારિક નિયમો (પ્રોટોકોલ્સ) ભાગ-૧	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૨-૦૦
(૫૪) પુષ્ટિમાર્ગીય વ્યાવહારિક નિયમો (પ્રોટોકોલ્સ) ભાગ-૨	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૨-૦૦
(૫૫) બ્રહ્મસંબન્ધ (બ્રહ્મસંબન્ધ અંગેના પ્રશ્નો અને એના ઉત્તરો)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૫૬) જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી ચરિત્ર, ઉપદેશસાર, ગ્રન્થો	સૌ.શ્રીવ્રજલતા વહુજી	૧૦-૦૦
(૫૭) શ્રીમત્પ્રભુચરણ શ્રીગુસાંઇજી શ્રીવિઠ્ઠલેશ્વરજી	ગો.શ્રીચન્દ્રગોપાલજી	૧૦-૦૦
(૫૮) શ્રીગોપીનાથજી	ડો.પીયૂષ પરીખ	૧૦-૦૦
(૫૯) આપણા પ્રતાપી મહાનુભાવો ભાગ-૧	કાન્તિલાલ ર.ગાંધી અમદાવાદ	૧૦-૦૦
(૬૦) આપણા પ્રતાપી મહાનુભાવો ભાગ-૨	કાન્તિલાલ ર.ગાંધી અમદાવાદ	૧૦-૦૦
(૬૧) આપણા પ્રતાપી મહાનુભાવો ભાગ-૩	કાન્તિલાલ ર.ગાંધી અમદાવાદ	૧૦-૦૦
(૬૨) આપણા ભગવદીય વૈષ્ણવો ભાગ-૧	પ્રો.ગો.વા.શાન્તિલાલ મહેતા-વડોદરા	૧૦-૦૦
(૬૩) આપણા ભગવદીય વૈષ્ણવો ભાગ-૨	પ્રો.ગો.વા.શાન્તિલાલ મહેતા-વડોદરા	૧૦-૦૦
(૬૪) આપણા ભગવદીય વૈષ્ણવો ભાગ-૩	પ્રો.ગો.વા.શાન્તિલાલ મહેતા-વડોદરા	૧૦-૦૦
(૬૫) ભગવત્સેવોપયોગી સંકલ્પ પૂજનાદિ પ્રકાર	સમ્પાદક -શાસ્ત્રીજી ઉદયન હ. શુક્લ	(ફક્ત શ્રીમહારાજશ્રી ની આજ્ઞાથી પ્રાપ્ય)

(૬૬)	ગુરુદેવાષ્ટકમ્-શ્રીવલ્લભાષ્ટકમ્	અનુ.ગો.વા.કાશીરામજી	૫-૦૦
(૬૭)	શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતો અને **આધુનિક** **પુષ્ટિ સમ્પ્રદાય** એક વિશ્લેષણ	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૬૮)	પ્રભાતાષ્ટક તથા ભગવદ્ ચરણચિહ્નવર્ણનમ	અનુ.ગો.વા.કાશીરામજી	૫-૦૦
(૬૯)	તસ્મૈ શ્રીગુરવે નમઃ	સૌ.શ્રીવ્રજલતાવહૂજી	૧૦-૦૦
(૭૦)	ષોડશગ્રંથ સંગતિ	અનુ. રમેશભાઈ શાહ તથા શ્રીપ્રદ્યુમ્નભાઈ શાસ્ત્રીજી	૧૦-૦૦
(૭૧)	શ્રીમદાચાર્ય સકલાવતાર સામ્યરૂપ નિરૂપણમ્	અનુ.ગો.વા.કાશીરામજી	૧૦-૦૦
(૭૨)	પુષ્ટિમાર્ગીય સાધના સોપાન ભાગ-૧	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૦-૦૦
(૭૩)	પુષ્ટિભક્તિ	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦

(હિન્દી પુસ્તકો)

(૭૪)	समर्पण का सिद्धान्त	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૭૫)	ब्रह्मसम्बन्ध	ગો. શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૭૬)	पुष्टिमार्गीय साधना सोपान भाग - १	ગો. શ્રીચંદ્રગોપાલજી	૨૦-૦૦
(૭૭)	श्रीमद् जगद्गुरु श्रीवल्लभाचार्यजीकी दृष्टिमें दशमस्कन्धविचार	સૌ.શ્રીવ્રજલતા વહુજી	૧૦-૦૦
(૭૮)	जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी-सम्प्रदाय एवं उसकी आचार्य-परम्परा	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦

(૭૯)	श्रीमत्प्रभुचरण श्रीगुसाँईजी श्रीविठ्ठलेश्वरजी	ગો.શ્રીચંદ્રગોપાલજી	૫-૦૦
(૮૦)	श्रीगुसाँईजी की निजवार्ता	સંગ્રાહક ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૮૧)	वैष्णव मार्ग प्रदर्शिका (अधिकमास आदिमें लेने योग्य नियम)	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૫-૦૦
(૮૨)	गद्यमंत्र विवरणानि	પ્રાચીન પાંચ ટીકાકારોની ટીકાઓ અનુવાદ સહ)	૧૦-૦૦
(૮૩)	जीवन का सर्वश्रेष्ठ प्रकार	સૌ. શ્રીવ્રજલતાવહુજી	૫-૦૦
(૮૪)	सूरभाव धारा	પ્રો. આર.એન. તલાટી	૩-૦૦
(૮૫)	तस्मै श्रीगुरवे नमः	સૌ. શ્રીવ્રજલતાવહુજી	૫-૦૦
(૮૬)	वैष्णव आह्निकम्	(પાઠ કરવા માટેનું પુસ્તક)	૪૦-૦૦
(૮૭)	भक्तिवर्धिनी (श्रीगोकुलनाथजी तथा श्रीपुरुषोत्तमजी कृत विवृति तथा भावानुवाद सह)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૮૮)	सिद्धान्त रहस्य (श्रीगोकुलनाथजी तथा श्रीपुरुषोत्तमजी कृत विवृति तथा भावानुवाद सह)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૮૯)	श्रीमद्भगवद्गीता भक्तियोग (बारहवाँ अध्याय) (अन्वय-भावार्थ सहित)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૯૦)	कर्म का रहस्य भाग - १	ગો. શ્રીચંદ્રગોપાલજી	૩૦-૦૦

(૯૧)	श्रीमद्भगवद्गीता दैवासुरसम्पद्विभागयोग (सोलहवाँ अध्याय) (अन्वय-भावार्थ सहित)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૯૨)	जलभेद (अन्वय-भावार्थसह)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૯૩)	विवेकधैर्याश्रय (अन्वय-भावार्थ सहित)	ગો. શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦

(અંગ્રેજી પુસ્તકો)

(૯૪)	**Brahmsambandha Or Self dedication**	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦
(૯૫)	**Secret of "Action"-1 (As Discussed in Shrimad Bhagavad Gita)**	ગો.શ્રીચંદ્રગોપાલજી	૩૦-૦૦
(૯૬)	**The Way of the Excellent life**	સૌ. શ્રીવ્રજલતા વહુજી	૧૦-૦૦
(૯૭)	**The Individual Soul In The Taittiriya Upanishad**	સૌ.શ્રીવ્રજલતા વહુજી	૫-૦૦
(૯૮)	**Pustimargiya Songs**	પ્રો.એમ.આર.પાલેજા	૧૦-૦૦
(૯૯)	**Pustimargiya Songs**	પ્રો.એમ.આર.પાલેજા	૧૦-૦૦
(૧૦૦)	**Shri Vallabhacharyaji, His Sampradaya & Acharya Parampara**	ગો.શ્રીચંદ્રગોપાલજી	૧૦-૦૦

આ ઉપરાંત નાનાં બાળકોને રમવા માટે **'પ્રબોધપટ' (સાપ-સીડીની રમત)** તેના અર્થો જાણાવતી પુસ્તિકાસહ તથા સોગઠા વગેરે સહ બહાર પાડવામાં આવી છે.

આ ઉપરાંત છેલ્લાં ૨૪ વર્ષથી ટ્રસ્ટ દ્વારા **વૈષ્ણવ પંચાંગ**નું પ્રકાશન કરવામાં આવે છે જેમાં પંચાંગ-ટિપ્પણી ઉપરાંત સેવાવિષયક જાણકારી આપતાં સુંદર લેખો પ્રકાશિત થાય છે. તેમજ છેલ્લાં ૧૯ વર્ષથી ટ્રસ્ટ દ્વારા **પુષ્ટિમાર્ગીય વ્રતોત્સવની ટિપ્પણી** કાર્તકથી બીજા વર્ષના ફાગણ વદ સુધીની ૧૭ માસની પ્રકાશિત કરવામાં આવે છે.

આ ઉપરાન્ત ટ્રસ્ટ દ્વારા બે ઓડિયો સી.ડી. પણ પ્રસ્તુત કરવામાં આવી છે જે પૈકી ઓડિયો સીડી **(૧) 'વહી રસના જો હરિગુન ગાયે'** નામની જેમાં **પૂ.અ.સૌ. શ્રીવ્રજલતાવહુજી** તેમજ વડોદરાના મહારાજા **શ્રીમન્ત રણજિતસિંહજી ગાયકવાડ** તેમજ આકાશવાણી વડોદરાના ભૂ.પૂ. નિયામક **શ્રીજયદેવભાઈ ભોજક**ના સુમધુર કંઠે ગવાયેલ પુષ્ટિમાર્ગીય છ સ્તોત્રો, અષ્ટકો જેમાં મધુરાષ્ટક, શ્રીગિરિરાજધાર્યષ્ટક વગેરેનો સમાવેશ થાય છે અને જેનું સ્વરનિયોજન વડોદરા આકાશવાણીના ભૂ.પૂ. નિયામક શ્રીજયદેવભાઈ ભોજકે કર્યુ છે તેમજ જેનું સંગીત નિયોજન મુંબઈના સુપ્રસિદ્ધ શ્રીનવીનભાઈ શાહ (વર્ણમ્‌વાળાએ) કર્યુ છે અને જેની કિંમત પુસ્તિકા સાથે રૂા. ૪૦-૦૦ છે તે તથા **(૨)** બીજી ઓડિયો સીડી **'પ્રેમદીવાની ગોપિયોં કે શ્રીકૃષ્ણ-વિરહ ગીત'** નામની જેમાં વેણુગીત, યુગલગીત, ગોપીગીત, ભ્રમરગીત **પૂ.અ.સૌ. શ્રીવ્રજલતા વહુજીના** સુમધુર કંઠે ગવાયેલ છે તથા જેનું સ્વરનિયોજન શ્રીજયદેવભાઈ ભોજકે કર્યુ છે અને સંગીત નિયોજન મુંબઈના સુપ્રસિદ્ધ ગિનિ સ્ટુડિયોવાળા શ્રીઆસિત દેસાઈએ કર્યું છે. આની ન્યોછાવર પુસ્તિકા સાથે રૂા. ૪૦-૦૦ રાખવામાં આવી છે.

વ્યવસ્થાપક શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o. ચુનીભાઈ જી. શાહ, કૃષ્ણકાન્તભાઈ ટી.શાહ, વિનોદભાઈ શાહ
'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ,
અકોટા રોડ,દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન(૦૨૬૫) ૨૩૨૬૮૯૭, (સમય બપોરે ૨ થી ૬)

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી **‘શ્રીગોકુલનાથજી’** પુસ્તિકા બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહ્યી છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫ અને વર્ષ ૨૬ થી ૪૦ તથા ૪૦ થી ઉપર વયસ્કોની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વડોદરા મુકામે (૧૧ મે થી ૧૮ મે ૨૦1૩) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

આ પુસ્તિકાનું પ્રકાશન ()ટ્રસ્ટ દ્વારા પ્રકાશન કરવામાં આવી રહ્યું છે તે માટે તેમનો હાર્દિક આભાર માનું છું.

મને વિશ્વાસ છે કે આ પુસ્તિકા, આ ગ્રન્થનું અધ્યયન કરનાર જિજ્ઞાસુજનોને ખૂબ જ સુગમ અને ઉપયોગી નીવડશે.

આ પ્રકાશનનાં કાર્યમાં વડોદરા () તેમણે ઉદારતાથી શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં દ્રવ્યવિનિમય કર્યો છે તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદો

ગુજરાતી વિ.સં.૨૦૬૯,
ચૈત્ર સુદ-૧૫, બુધવાર **ગોસ્વામી ચન્દ્રગોપાલ**
૨૭-૩-૨૦1૩,વડોદરા. -વડોદરા.

૧. ભલે પ્રગટ્યા શ્રીગોકુલનાથ

ભલે પ્રગટ્યા શ્રીવલ્લભરૂપે, શ્રીગોકુલનાથ,
પુષ્ટિધર્મને ધજા, ગગનમાં લહેરાવી, સૌને કીધા સનાથ,
દીધા દાન સેવકને, ને સોંપ્યા સૌને શ્રીગોવર્ધનનાથ,
સત્સંગરૂપે આપ્યું જ્ઞાન, એનો કોઈ ન પામે સાર,
લક્ષ્મી આપી ભરપૂર સેવકને, નહીં રાખ્યા કોઈને દેવાદાર,
વંદું શ્રીવલ્લભરૂપે શ્રીગોકુલનાથને કોટિ કોટિ વાર.

પુષ્ટિધર્મને ધ્વજને ગગનમાં લહેરાવનાર શ્રીગોકુલેશ પ્રભુનું પ્રાગટ્ય સંવત ૧૬૦૮ માગશર સુદ ૭ને દિવસે અડેલ ગામમાં (ઉત્તરપ્રદેશ)-માં થયું હતું. પુષ્ટિમાર્ગના મહારથી, વૈષ્ણવ ધર્મ સંરક્ષક શ્રીગોકુલેશ પ્રભુનું પ્રાગટ્ય થતાં જ અડેલમાં આનંદ આનંદ છવાયો. ઢોલનગારાથી નગરજનોએ ઉત્સવ મનાવ્યો. શ્રીગુસાંઈજીએ ગાય, સુવર્ણ અને તલનું દાન બ્રાહ્મણોને કર્યું. વૈષ્ણવો નાચવા લાગ્યા, દેહાનુસંધાન ભૂલી ગયા. હરખનાં અશ્રુઓ વહેવા લાગ્યા. શ્રીગોકુલેશ પ્રભુનું મનમોહક મુખડું મહા ભગવદીયોને પ્રફુલ્લિત બનાવી દેતું.

આપશ્રીનો નામકરણદિન આવતાં વિવિધ નામો પાડવામાં આવ્યાં. શ્રીગુસાંઈજીએ 'શ્રીવલ્લભ' નામ ઘરના વ્યવહારમાં રાખ્યું. આપશ્રીની કૃષ્ણદાસીએ શ્રીગોકુલનાથજી નામ આપ્યું. માસ-નક્ષત્રને કારણે નામ શ્રીકૃષ્ણ આવ્યું અને શ્રીગોકુલનાથજીના સેવકોએ 'શ્રીજી' તથા 'શ્રીગોકુલેશ પ્રભુ' એ નામ પ્રચલિત કર્યું. જે આજે સૌને મુખે રમે છે.

બાલ્યાવસ્થામાં પડેલા સંસ્કારો નિષ્ફળ જતા નથી. તેમ બાલ્યાવસ્થામાં મેળવેલી વિદ્યા અહર્નિશ યાદ રહે છે. વિદ્યાભ્યાસ માટે પાઠશાળામાં તેઓને મૂકવામાં આવ્યા. પાઠશાળામાં ગુરુને ગંભીર પ્રશ્નો પૂછીને સ્તબ્ધ બનાવતા. સહાધ્યાયીઓ આવી મેધાવી બુદ્ધિથી ચકિત બની એઓશ્રીની બરાબરી કરવા પ્રયત્ન કરતા, પરંતુ તેમાં સફળતા પ્રાપ્ત થતી નહીં. ગુરુજનોનો આદર તથા પાઠશાળામાં શિસ્તપૂર્વક વર્તન કરતા. સાંજના સમયે ઘોડા પર સવાર થઈ સાથમાં અન્ય મિત્રોને લઈ જતા અને રસ્તામાં શ્લોક અન્ત્યાક્ષરી ચાલતી તેમાં તેમનો નંબર પહેલો રહેતો. હજારો શ્લોકો કંઠસ્થ કર્યા હતા (સરખાવો આજની દૂરદર્શનની ગાયનોની અન્ત્યાક્ષરી).

જેમ તેલ વધારે હોય તેમ દીવાની જ્યોત વધુ પ્રજ્વલિત થાય, તેમ તેટલો પ્રભુનો અનુગ્રહ વધુ તેટલી ભક્તિ વધુ થાય છે.

ઘણા કહે છે કે પ્રભુ કૃપા પ્રાપ્ત કરવા માટેની ભક્તિ તે પુષ્ટિભક્તિ. પરંતુ તે ખોટું છે. પુષ્ટિભક્તિ એટલે પ્રભુની કૃપાથી પ્રાપ્ત થતી ભક્તિ.

* * * * *

૨. અસાધારણ ન્યોછાવરી

તાનસેનજી દિલ્હીના દરબારી ઠાઠમાઠથી થાકીને કંટાળીને અવારનવાર પોતાના ઈષ્ટદેવ શ્રીનાથજીનાં દર્શન કરવા ગોવર્ધન આવતા. પોતાના ગુરુદેવ શ્રીગુસાંઇજીમાં તેઓનું ચિત્ત સદા આકર્ષાયેલું રહેતું. એક વખત તેઓ શ્રીજીદ્વાર આવ્યા. ત્યારે શ્રીગુસાંઇજી પરદેશ પધાર્યા હતા. શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજીએ સંગીતકાર શ્રીતાનસેનજીને આજ્ઞા કરી કે કાકાજી (શ્રીગુસાંઇજી) બેચાર દિવસમાં પધારશે. શ્રીનવનીતપ્રિયજીને તમારી સંગીતની કલા અંગીકાર થાય તે માટે ગોકુલ ચાલો. તેથી તાનસેનજી ગોકુલ આવ્યા. ચારપાંચ દિવસ પછી એવું બન્યું કે શ્રીગિરિધરજી, શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર કરતા હતા અને શ્રીગોકુલનાથજી પરિચર્યામાં (સેવામાં) હતા. તાનસેનજી બહાર કીર્તન ગાઈ રહ્યા હતા. વાતાવરણ સંગીતમય બની ગયું હતું. ઠાકોરજી પોતે પણ ડોલવા લાગ્યા હતા. 'સમ' ઉપર શ્રીનવનીતપ્રિયજીએ તાલ દીધો.

એ દર્શન શ્રીગિરધરજી અને શ્રીગોકુલનાથજીએ કર્યાં અને બંને ભાઈઓએ પરસ્પર આવેગપૂર્વક દૃષ્ટિ કરી. બરાબર એ વખતે જ બહાર કોલાહલ થયો. શ્રીગુસાંઇજી પરદેશથી પધાર્યા અને સીધા શ્રીજીદ્વાર પધાર્યા છે તેવી વધાઈ લઈને કાસદ આવ્યો અને સાથે શ્રીનવનીતપ્રિયજીની દસ હજારની હૂંડી સેવાની આવેલી તે કારભારીને આપી. આ બધી વાતોને હકીકત બન્ને ભાઈઓએ શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર આપતાં સાંભળી. એટલે શ્રીગિરિધરજીએ શ્રીગોકુલનાથજીને આજ્ઞા કરી કે કાકાજીએ મોકલેલી હૂંડી કારભારી પાસેથી લઈ આવો ને કહેજો કે કાકાજીના હસ્તાક્ષરનાં દર્શન કરવા છે ને દાદાભાઈએ મંગાવી છે. શ્રીગોકુલનાથજી હૂંડી લઈને પધાર્યા એટલે બન્ને ભાઈઓએ હસ્તાક્ષરને નેત્રોએ લગાડ્યા અને હૂંડી શ્રીનવનીતલાલજી પર ન્યોછાવર કરીને શ્રીગોકુલનાથજીને આપીને આજ્ઞા કરી કે, આ હૂંડી તાનસેનજીને આપી દો. શ્રીગોકુલનાથજીએ બહાર આવીને તાનસેનજીને હૂંડી આપી.

આ જોઈને કારભારીજી અને વૈષ્ણવો તેમ જ તાનસેનજી પોતે પણ આશ્ચર્યપૂર્વક બોલી ઊઠ્યા, આ શું કરો છો ? જવાબમાં શ્રીગોકુલનાથજીએ નેત્રસંકેતમાં જ તાનસેનજીને હૂંડી રાખવાનું કહ્યું. વૈષ્ણવોમાં કોલાહલ થઈ ગયો. કારભારીનો તો શ્વાસ ઊંચો ચડી ગયો પણ કોઈ બોલી શક્યું નહીં.

જ્યારે શ્રીગુસાંઇજી પધાર્યા ત્યારે કોઈના મોઢા પર નૂર નહોતું. સાતેયે બાળકોએ કાકાજીને દંડવત્ કર્યા. સૂમસામ વાતાવરણ જોઈને આપે પૂછ્યું : કેમ બધા સુસ્ત છો ? કંઈ બનાવ બની ગયો છે ? આ સાંભળીને કારભારીજી સન્મુખ આવ્યા અને વિદિત કર્યું, કૃપાનાથ, આપે મોકલેલી હૂંડી તાનસેન ગવૈયાને દાદાભાઈ અને શ્રીગોકુલનાથજીએ આપી દીધી.

શ્રીગિરધરજી સામે દૃષ્ટિ કરી પૂછ્યું : ગોવર્ધન, શી હકીકત છે ? શ્રીગિરધરજીએ ગદ્‌ગદ્ કંઠે બનેલ હકીકત વિદિત કરી. આ સાંભળી આપશ્રી આનંદાવેગમાં બોલી ઊઠ્યા : જેના સંગીતથી આપણા પ્રભુ પ્રસન્ન થયા તેને ફક્ત આટલી જ ન્યોછાવર આપી ? પ્રભુને પધરાવીને ઘર આખું સોંપી દેવું હતું ને ! ! આ સાંભળી સૌ સૂનમૂન થઈ ગયા. કારભારીજીના મનમાં થયું કે દસ હજારની હૂંડીથી જ પત્યું. આપશ્રી હોત તો ઘર લૂંટાવી દેત !

* * * * *

૩. દેખે રી હરિ નંગમ નંગા !

સૂરદાસજી એવા નિત્ય લીલાના જીવ હતા. તેમનાં હૃદયમાં ઠાકોરજી સાક્ષાત્ બિરાજતા હતા. સૂરદાસજી અંધ હોવા છતાં પ્રભુની નિત્ય લીલાઓનાં પ્રત્યક્ષ દર્શન કરી એના પદો રચીને ગાયાં છે. નેત્રો વિના સ્વરૂપને આબેહૂબ વર્ણવતું પદ રચી તે પદ શ્રીનવનીતપ્રિયજી સમક્ષ ગાઇ અને સેવામાં હાજર રહેલા શ્રીગોકુલનાથજી વગેરે ગોસ્વામી બાળકો એ નિહાળીને અત્યંત પ્રસન્ન થયા. એક પ્રસંગે રાત્રે ત્રણે પૂ.ગોબાળકો શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી વાતચીત કરી રહ્યા હતા. કુતૂહલ ખાતર એક લાલજીએ વડીલબંધુ શ્રીગિરધરલાલજીને વિનંતી કરી. આ બાબતમાં અમે શ્રીસૂરદાસજીની પરીક્ષા કરવા માગીએ છીએ. શરૂઆતમાં તો શ્રીગિરધરલાલજીએ ના પાડી અને કહ્યું કે, સૂરદાસજી તો મહાન ભગવદીય ને કૃષ્ણસખા અને તેમાંયે શ્રીવલ્લભના અંતરંગ સેવક. તેમની પરીક્ષા ન હોય. એઓશ્રીએ પછી વિચાર્યું કે આ પરીક્ષાથી સૂરદાસજીના દિવ્યચક્ષુઓનો પ્રભાવ પ્રગટ થશે અને વૈષ્ણવોમાં એઓશ્રીના અલૌકિક સામર્થ્યનો પરિચય થશે.

આ પરીક્ષામાં અવિશ્વાસ કે અંધશ્રદ્ધા નથી. ભલે પરીક્ષા થઇ જાય. આપશ્રીએ સંમતિ આપી. સવારે શ્રીગુસાંઇજીના ચાર લાલ સેવામાં પધાર્યા. શ્રીનવનીતપ્રિયાજીના શૃંગાર ધરવાનો સમય હતો.

અષાઢ મહિનો હતો. ભારે ઉકળાટ હતો. ગો.બાળકોએ નક્કી કર્યું આવા સખત ઉકળાટમાં આજે નવનીત (માખણ) જેને પ્રિય છે એવા આ બાલકૃષ્ણને વસ્ત્રો ધરાવવા નથી. બીજા કોઈ અલંકારો પણ ધરાવવા નથી. આજે તો શ્રીનવનીતપ્રિયાજીને વસ્ત્ર-અલંકારો વગરના રાખીને ભાવિકોને તેમનાં દર્શન કરાવવાં છે. ગો.બાળકોએ શ્રીનવનીતપ્રિયજીને બારીક મોતીની એક માળા નકવેસર અને કૂંપળ માત્ર એટલા જ અલંકારો ધર્યા. વસ્ત્રો તો બિલકુલ જ નહીં અને એ સ્વરૂપે દર્શન માટેનો ટેરો ખોલી દીધો. પછી શ્રીપ્રભુચરણના ચતુર્થલાલજી શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી, સુરદાસજી ! કીર્તન કરો. શ્રીનવનીતપ્રિયજીનાં શૃંગારનાં દર્શન સૌને કરાવો.

સૂરદાસજીના હૃદય ઉપર શ્રીનવનીતપ્રિયાજીનું આ સ્વરૂપ બરોબર અંકિત થઈ ગયું હતું. એ પ્રમાણે કીર્તન શરૂ કર્યુ :

દેખે રી હરિ નંગમ નંગા,
જલ, સૂત-ભૂષણ અંગ બિરાજતા,
વસનહીન છબિ ઉઠત તરંગા.
અંગ અંગ પ્રતિ અમિત માધુરી,
નીરખી લજ્જિત રતિ કોટિ અનંગા,
કિલકત દધિ સુત મુખ લેપન કરિ,
સૂર હસત વ્રજ યુવતીન સંગા.

સૂરદાસજીએ શું ગાયું ? વાહ પ્રભુ ! આજે આપને હું કેવા સ્વરૂપે જોઉં છું ? નંગમ નંગા. વસ્ત્ર તો આપે પહેર્યું જ નથી. જલસૂત એટલે મોતીનું એક જ આભૂષણ આપના કંઠમાં શોભે છે. વસ્ત્ર વગરના આપના શ્રીઅંગ ઉપરથી શોભાના તરંગો ઊછળી રહ્યાં છે. આપના ખુલ્લા દેખાતા બધાં શ્રીઅંગો અતિશય મધુર દેખાય છે. તે જોઈ કરોડો રતિ અને કામદેવ લાજી મરે છે. આપશ્રીના શ્રીમુખ પર માખણ લાગેલું છે અને આપ મુક્ત હાસ્યથી હસી રહ્યા છો. આપના આવા અભૂતપૂર્વક શૃંગારને જોઈને વ્રજયુવતીઓ પણ હસી રહી છે.

વાહ મારા નાથ ! વાહ અદ્ભુત છે તવ શણગાર.

દર્શન માટે આવેલા બધા વૈષ્ણવો અને ગોસ્વામી બાળકો આશ્ચર્યચકિત થઈ ગયા. બધા ગો.બાળકો ખૂબ પ્રસન્ન થયા. છતાં પરીક્ષા કરવા શ્રીગોકુલેશજીએ આજ્ઞા કરી : અરે સૂરદાસજી, આપ આ કેવું પદ ગાવ છો ? શ્રીજીએ કેવાં વસ્ત્રો પહેર્યાં છે. કેવા અલંકારો શ્રીઅંગ પર શોભી રહ્યા છે તે બધું વર્ણવી બતાવો.

સૂરદાસજીએ કહ્યું : મહારાજ ! શ્રીજીના અંગ ઉપર આપે કંઈ વસ્ત્રાભૂષણ ધર્યાં હોય તો તેનું વર્ણન કરું ને ? આજે આપે શ્રીજીનું અદ્‌ભુત સ્વરૂપ બતાવ્યું અને એ અદ્‌ભુત સ્વરૂપને મેં કીર્તનરૂપે ગાઈ બતાવ્યું.

ગો.બાળકોએ કહ્યું ધન્ય છે સૂરદાસજી તમને, આપની અંતર્દષ્ટિને! ખરા અંધ તો અમે છીએ આપ નહીં.

હૃદયની આવી વિશુદ્ધ ભાવના જીવનની અંતિમ પળ સુધી જાળવી રાખીને એવો ભાવ વ્યક્ત કર્યો :

ભરોસો દઢ ઈન ચરણનન કેરો .....

ભગવત્‌શાસ્ત્રમાં ભગવાન જ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એમ ચારેય છે.

* * * * *

૪. માલા તો શીશ સાથે જાય

ચિદ્રૂપ સંન્યાસીની ચડામણીથી જહાંગીર બાદશાહે જલદ પગલું ભર્યું. એનો હુકમ ચારેબાજુ જોતજોતામાં ફેલાઈ ગયો.

કોઈએ તિલક કરવું નહીં.
કોઈએ માળા પહેરવી નહીં.
કોઈએ ભગવદ્ નામ લેવું નહીં.

ચિદ્રૂપનો જન્મ ગુજરાતમાં મોઢ બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. નાનપણથી જ સંસારનો ત્યાગ કરી ઉજ્જૈનમાં ફરવા લાગ્યો. જ્યાં માળા-તિલક પહેરનારા વૈષ્ણવોને જુએ તેને ઊતરાવવા લાગ્યો. જો કોઈ ઉતારે નહીં તો એને સિપાઈઓને બોલાવી માર મરાવતો, તેની સાન ઠેકાણે લાવતો.

પરંતુ ઉજ્જૈનમાં ત્રિકમ ભટ્ટ અને દેવાભાઈ નામના વૈષ્ણવ ખૂબ જ ટેકીલા હતા. જ્યારે ચિદ્રૂપે માળા ઉતારવા તેમને કહ્યું ત્યારે દેવાભાઈએ ગુસ્સે થઈ કહ્યું :

માલા માથા સાટે છે, તે ઊતરાવે કેમ ?
માલા સામો જોઈ શકે એવો કોણ છે કહ્યું એમ.

દેવાભાઈ નીડરતાથી જવાબ આપી આગળ ચાલ્યા. ચિદ્રૂપે ઉજ્જૈનના હાકેમ મહમદ તકીને ફરિયાદ કરી. મહમદ તકી ચિદ્રૂપની ફરિયાદથી ગભરાયો. દેવાભાઈને ચોકીએ લઈ આવવા સિપાઈને મોકલ્યો. દેવાભાઈ તો અનન્ય મહાભગવદીય હતા. જીવનમાં શ્રીગોકુલેશ પ્રભુનાં વચનામૃતોને

પચાવ્યા હતાં. તેથી નિર્ભય બનીને ચોકીએ મહમદ તકીને મળવા આવ્યા. તેમના લલાટ પર તિલક ઓપતું હતું અને તેજસ્વી મુખ હતું. તેમની વાણીમાં અમૃત ટપકતું હતું. ખભે ખેસ હતો. ધોતી અને બંડીથી શોભામાં અનેરો વધારો થયો હતો. મુખમાંથી શ્રીકૃષ્ણઃ શરણમ્ મમ નો જપ ચાલુ હતો. મહમદ તકી તેમના મુખ પર જોઈ બોલ્યો : ‘વૈષ્ણવ, આ તિલક ભૂંસી નાખો અને માળાની જગ્યાએ રુદ્રાક્ષની માળા પહેરો.’

‘આ અમારા ધર્મનું પવિત્ર ચિહ્ન છે, પ્રાણ જાય પણ એને છોડી શકીએ નહીં.’ દેવાભાઈએ બેફિકરા બની કહ્યું. હાકેમ મહમદ તકીએ આવા ઉત્તરની અપેક્ષા રાખી ન હતી. તેથી ગુસ્સે બની કહ્યું : ‘અરે અમારા હુકમને માનો નહીં તો હાથી નીચે છૂંદી નાખીશું.’ એ સાંભળીને દેવાભાઈ બોલ્યા : કાં લગાડો છો વાર ?

મહમદ તકીએ મહાવતને હાથી લાવવાનો હુકમ કર્યો. ક્ષણવારમાં દારૂ પીધેલો હાથી હાજર થયો. દેવાભાઈ શાંતિપૂર્વક ઊભા રહ્યા. મહાવતે હાથીને અંકુશ મારી દેવાભાઈ તરફ લીધો. દેવાભાઈ અડગ નિર્ધારથી ભગવદ્ નામ લેતા ઊભા રહ્યા. ભક્ત પ્રહ્લાદની પ્રભુએ લાજ રાખી તેમ મારો પ્રભુ શ્રીગોકુલેશ મારી પણ લાજ રાખશે. ક્ષણવારમાં હાથી દેવાભાઈ પાસે ગયો.

ઉજ્જૈનના લોકો ચીસ પાડી ઊઠ્યા, પરંતુ અચાનક હાથીનો આવેગ શાંત થયો. જાણે સૂંઢથી તેમને પ્રણામ કરતો ન હોય તેમ ઊભો રહ્યો. મહાવતે બે વાર અંકુશ માર્યો ત્યારે હાથીએ ગુસ્સે બની ઊભેલા દસ પંદર સૈનિકોને કચડી નાખ્યા.

દેવાભાઈએ ‘જયશ્રીગોકુલેશ’ બોલી માનવમેદનીને કહ્યું : ‘પ્રભુએ અમારી પ્રતિજ્ઞા રાખી.’ મહમદ તકી બાઘો બની તેના તરફ જોઈ રહ્યો અને ચિદ્રૂપ તરફ ગુસ્સે બની કહ્યું, ‘હવે તમે સિધાવો. બાદશાહને હું કહીશ કે તેમના ‘પીર શ્રીગોકુલેશ સાક્ષાત્ ઈશ્વર છે.’ એ પછી મહમદ તકીએ દેવાભાઈને વંદન કરી રહ્યું, ‘ખરેખર ! આપના પર પ્રભુની મોટી મહેરબાની છે. ચિદ્રૂપની ચડામણીથી જ આ મેં જ કર્યું છે તે માટે આપ ક્ષમા કરો.’

દેવાભાઈએ કહ્યું : ‘શ્રીગોકુલેશ પ્રભુની કૃપા વગર કશું થઈ શકે નહીં. મારા પ્રભુએ મારું રક્ષણ કર્યું.’ શ્રીગોકુલેશ પ્રભુએ જ્યારે આ જાણ્યું ત્યારે ખૂબ જ ક્ષુબ્ધ બન્યા અને વિચારવા લાગ્યા કે બાદશાહના હુકમથી ચિદ્રૂપ સંન્યાસીની ચડામણી ક્યાં સુધી ચાલશે ? શ્રીગોકુલેશ પ્રભુએ આખરે માળા, તિલક માટે જહાંગીરના અન્યાયી હુકમ સામે છેવટ સુધી જંગ ખેલ્યો અને ૭૦ વર્ષની ઉંમરે કાશ્મીર જેવા વિકટ સ્થળે સખત ઠંડી સહન કરીને બાદશાહને સમજાવી સત્યનો વિજય મેળવ્યો. જય જય શ્રીગોકુલેશ.

*****

૫. શ્રીમદ્ ગોકુલમાં બિરાજતું સ્વરૂપ – શ્રીગોકુલનાથજી

શ્રીગોકુલનાથજી ઠાકોરજીનું સ્વરૂપ ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજીના વંશમાં આજે આ સ્વરૂપ પૂ.ગો.શ્રીદેવકીનંદનજી મહારાજ (શ્રીસુરેશબાવાશ્રી)ના માથે બિરાજે છે. કોઈ વૈષ્ણવના માથે શ્રીપ્રભુજીએ આ સ્વરૂપ પધરાવી આપ્યું નથી કે કોઈએ સેવા કરી નથી.

આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ તેમના સાસરેથી આપશ્રીના શ્વશુર શ્રીવેણુભટ્ટજીએ પોતાની પુત્રી શ્રીમહાલક્ષ્મી વહુજીની સાથે પહેરામણીમાં આપ્યું હતું. આપશ્રીને તેમના ત્યાં રહેલા પંચાયતન પૂજાનો સ્વીકાર કરવા વિનંતી કરી હતી. શ્રીમહાપ્રભુજીએ પંચાયતન પૂજાનાં દર્શન કર્યાં ત્યારે તેમાં બિરાજતા આ શ્રીગોકુલનાથજીના અલૌકિક સ્વરૂપને ઓળખી લીધું. શ્વશુરજીની પહેરામણી સ્વીકારી આપ સ્વગૃહે પધાર્યા. એ સ્વરૂપને પોતાના ઘેર પધરાવી બાકીનાં દેવદેવીઓની મૂર્તિઓને એમણે વંદન કરી ગંગાજીમાં પધરાવી દીધાં.

એમ કહેવાય છે કે આ સ્વરૂપ શ્રીરામાવતાર જેટલું પ્રાચીન છે. લંકાના રાજા રાવણનો ભાઈ વિભીષણ ઈન્દ્ર સાથે લડીને સ્વર્ગ જીતી લાવ્યો હતો તે પ્રભુનો ભક્ત હતો તેથી ઈન્દ્રના મહેલમાં બિરાજતું આ સ્વરૂપ તે પોતાની સાથે પધરાવી લાવ્યો હતો.

શ્રીગોકુલનાથજીનું આ સ્વરૂપ શ્રીગોવર્ધનલીલાનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત પોતાની ટચલી આંગળી ઉપર ઉઠાવી લીધો એ આ સ્વરૂપની લીલા છે. તે ચતુર્ભૂજ સ્વરૂપ છે. એક હસ્તમાં શંખ છે જેમાં વરસતા વરસાદનું બધું જળ શ્રીઠાકોરજીએ શોષી લીધું હતું. એક ઊંચા કરેલા હસ્તની આંગળી ઉપર શ્રીગિરિરાજજી બિરાજે છે. બીજા બે હસ્તથી તેઓ વેણુવાદન કરે છે. પોતે કમળ ઉપર ઊભા છે. કમળ એટલે વ્રજભૂમિ. તેમની બન્ને બાજુએ શ્રીરાધિકાજી અને શ્રીચંદ્રાવલીજી એમ બન્ને સ્વામિનીજી બિરાજે છે. બહુ જ સુંદર ગૌરવર્ણનું છોટું સ્વરૂપ છે. શ્રીગુસાંઈજીએ આ સ્વરૂપ તેમના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીને પધરાવી આપ્યું હતું. ત્યારથી તે સ્વરૂપ શ્રીમદ્ ગોકુલમાં બિરાજે છે.

તેમણે શ્રીગોવર્ધન ધારણ કર્યો હોવાથી તેમનું એક નામ ‘શ્રીગોવર્ધનનાથ’ છે તેથી આપણે તેમને ‘શ્રીનાથજી’ના ટૂંકા નામથી પણ ઓળખીએ છીએ. પરંતુ શ્રીગિરિરાજમાંથી પ્રગટ થયેલા ‘શ્રીગોવર્ધનનાથજી’ પણ તે જ નામ હોવાથી એક નામના સામ્યને લઈને મુશ્કેલી ન પડે તે હેતુથી તેમનું સુપ્રસિદ્ધ નામ શ્રીગોકુલેશ; સૃષ્ટિને પરિચિત નામ ‘શ્રીગોકુલનાથજી’ રાખવામાં આવ્યું છે. કારણ કે તેમણે વ્રજ સહિત શ્રીગોકુલની રક્ષા કરી હતી અને આજે પણ શ્રીગોકુલના નાથ બની શ્રીગોકુલમાં બિરાજે છે.

‘શ્રીગોકુલનાથજી’નું શ્રીઅંગ ગૌરવર્ણનું છે. આપ ચતુર્ભુજ છો. બે ભુજામાં વેણુ ધારણ કરી, વેણુનાદ કરતાં કરતાં સમસ્ત વ્રજવાસીઓને પોતાનાં ચરણના શરણમાં ગિરિ ગોવર્ધનના છત્રમાં આવવા આજ્ઞા કરી રહ્યા છે. શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યા પ્રમાણે વામ હસ્તથી આપે ગિરિરાજ ઉઠાવ્યો હતો; પણ પછી જમણા કરની અંગુલી પર તેને ધારણ કર્યો છે એટલે આ સ્વરૂપનાં દર્શન થાય છે. આપ કમળ પર ઠાડા છો. કમળમાં વ્રજકમળનો ભાવ છે. એ સૂચવે છે કે આપ સદા-સર્વદા વ્રજરૂપી કમળમાં જ બિરાજમાન છો. શ્રીપ્રભુએ આ સ્વરૂપે ગોવર્ધનપૂજન કરી અન્નકૂટ અંગીકાર કર્યો છે. આજે પણ દર વર્ષે અન્નકૂટના દિવસે ગિરિરાજમાં સર્વપ્રથમ શ્રીગોવર્ધનપૂજનનો અધિકાર આ સ્વરૂપનો છે.

પોતાની શક્તિ અને ભાવની મર્યાદામાં રહીને સેવા પ્રકાર ગોઠવવો. ભાવના વેગથી વધુ સેવા કરવા જતા ચિંતા થાય છે ને સેવા નીરસ બની જાય છે.

જે કેવળ સ્વરૂપ શક્તિથી પ્રભુનું અવલંબન કરે છે તે ઉત્તમ ભક્ત છે. જે માહાત્મ્યજ્ઞાનથી પ્રભુનું અવલંબન કરેછે તે મધ્યમ ભક્ત છે.

પ્રભુ સાથેના સ્નેહાત્મક સેવાના સંબંધમાં કોઈ પણ પ્રકારનો સંકોચ ન રહે; પ્રભુ મારા, હું પ્રભુનો, એ વિશ્વાસ ટકી રહે તે જ સખ્યભાવ.

* * * * *

૯. શ્રીગોકુલેશ હાસ્યામૃત

એક વખત શ્રીગોકુલેશ પ્રભુ પાસે એક વૈષ્ણવ આવ્યા. તેમણે વિનંતી કરી : ‘કૃપાનાથ, આપ રાતદિવસ વચનામૃત કરો છો; પણ અમને તો કશુંયે યાદ રહેતું નથી. અમે તો કોરાને કોરા જ રહીએ છીએ એનું શું કારણ ?’ જવાબમાં શ્રીગોકુલેશ પ્રભુએ એક પ્રસંગ કહ્યો : ‘એક પૈસાદાર વૈપારી હતો. તે કમાય ખૂબ પણ એક પાઈએ ખર્ચે નહીં. તેથી કથા સાંભળવા પણ ન જાય. એક દિવસ એક પુરાણી તે શેઠને ઘેર આવ્યા અને કહ્યું : ‘તમે કથામાં નથી આવતા પણ કથામાં રોજ અમૃત વરસે છે.’ શેઠે પૂછ્યું : ‘એના પૈસા બેસે છે ?’ પુરાણીએ ના પાડી. શેઠ મફતનું અમૃત પીવા એક દિવસ કથામાં ગયા. શેઠે વિચાર કર્યો કે કથાના અંતે ફંડફાળો લખાવવો પડશે માટે શેઠ ઠેઠ છેલ્લે જગ્યા શોધીને બેઠા. શેઠને ખાસ કથામાં રસ પડચો નહીં. એટલે મઝાનું ઊંઘનું ઝોકું આવી ગયું. શેઠનું મોં સહેજ ખુલ્લું રહ્યું. ત્યાં અચાનક એક કૂતરો આવ્યો અને તે શેઠના મોંમાં લઘુશંકા કરી ભાગી ગયો.

શેઠ જાગી ગયા. વિચાર કર્યો કે પુરાણીની વાત સાચી. કથામાં અમૃત વરસ્યું પણ અમૃત ખારું કેમ લાગ્યું ? ચાલો, ખારું તો ખારું અમૃત પીધું એટલે ફરી જન્મવું નહીં પડે ! શેઠે પુરાણીને આ વાત કરી. પુરાણી હસ્યા.

થોડા મહિના પછી શેઠનું મૃત્યુ થયું. યમરાજા પાસે શેઠને લાવવામાં આવ્યા. શેઠના જમા ખાતામાં એક દિવસ કથામાં જવાનું પુણ્ય નોંધાયું હતું. તેમને પૂછવામાં આવ્યું કે, ‘પુણ્ય પહેલાં ભોગવવું છે કે પાપ ?’ શેઠ ચતુર હતા. એટલે કહ્યું, ‘પુણ્ય પહેલાં ભોગવી લઉં’ તેમને વૈકુંઠમાં ભગવાનનાં દર્શને લઈ જવામાં આવ્યા. દર્શન થતાં જ પુણ્ય ભોગવાઈ ગયું.

એટલે યમદૂતોએ કહ્યં ‘શેઠ, હવે ચાલો નરકમાં’ શેઠ ભગવાનને હાથ જોડી કહેવા લાગ્યા, ‘પ્રભુ ! એક વાર તમારાં સાક્ષાત્ દર્શન થયાં પછી પાપ રહે ખરું ? નરકવાસ એ પછી તમારા ભક્ત માટે હોય ખરો ? ભાગવત કથામાં પણ લખ્યું છે કે પ્રભુનાં દર્શન થયાં પછી કોઈ પાપ રહેતું નથી તો સાચું શું ? ભાગવત વગેરે ગ્રંથો ખોટા ?’ પ્રભુએ કહ્યું, ‘તમારી વાત સાચી છે’ એક દિવસ ભગવાનની કથામાં જવાથી શેઠને વૈકુંઠની પ્રાપ્તિ થઈ, તો દરરોજ પ્રભુના ગુણગાનનો સત્સંગ કરવાથી લાભ જ થાય. ભલે તે કથા વધારે યાદ રહે કે ઓછી યાદ રહે. વૈષ્ણવોને આ વચનામૃત સાંભળી આનંદ થયો.

એક વખત ફરી કોઈ વૈષ્ણવે વિનંતી કરી, ‘પ્રભુ, બધા વૈષ્ણવો સેવા કરે છે એ બધા બ્રહ્મસંબંધ લઈને સેવા કરે છે છતાં બધાને પ્રભુની પ્રાપ્તિ કેમ થતી નથી ?’

શ્રીગોકુલેશ પ્રભુએ ખુલાસો કર્યો, ‘વૈષ્ણવ, સ્નેહ વગરની ક્રિયાનું ફલ મળતું નથી.’ એક વેપારી શરીરે બહુ જાડા હતા. ઠાકોરજીની બધી ટહેલ જાતે કરતા. ટૂંકી ધોતી પહેરે, નીચે બેસવા જાય એટલે કાછડી નીકળી જાય, પણ સેવામાં એવા તલ્લીન કે નીકળેલી કાછડી ખોસવાની ઝાઝી દરકાર ન કરે. એ વૈષ્ણવ પહોંચી ગયા એટલે એમનો દીકરો સેવા કરે. તે તદ્દન સૂકલકડી કાયા, પણ લાંબી ધોતી પહેરે, સેવામાં બેસે એટલે કાછડી જાતે કાઢી નાખે. એકવાર એક જાણકાર વૈષ્ણવને તે જોઈને નવાઈ લાગી. તેમને કાછડી કાઢવાનું કારણ પૂછ્યું ત્યારે પેલાભાઈએ કહ્યું અમારા ઘરની એવી રીત છે. મારા બાપા પણ સેવા કરતી વખતે કાછડી કાઢતા. પેલા વૈષ્ણવ એનું કારણ જાણતા હતા એટલે સમજાવ્યું : ‘તમારા પિતાશ્રીની કાછડી ભારે શરીરને કારણે નીકળી જતી. કાછડી કાઢવી સેવામાં જરૂરી નથી.’ આ વૈષ્ણવ જેમ દેખાદેખીથી વગર સમજ્યે કાછડી કાઢતો એમ આજે વૈષ્ણવો બ્રહ્મસંબંધ લઈ સેવા પણ દેખાદેખીથી કરે છે એથી કોઈ અર્થ સરતો નથી.

માપસરની અપરસ તમને સાધક થઈ જશે. નહીં તો તે બાધક પણ નીવડે.

શ્રીઠાકોરજીને શણગાર ધરાવતી વખતે યશોદામાના ભાવથી ગાદી પર બેસવું જોઈએ પણ સેવામાં આસન કે ગાદી નહીં વાપરવી. પણ જપમાં આસન હોવું જ જોઈએ.

* * * * *

૭. સાચા વૈષ્ણવો કોને કહેવાય ?

ભક્ત કવિ દયારામે ગયું છે કે :

એ ભગવદીયનાં દર્શન દુર્લભ,
જેના ભાગ્યમાં હોય એને ભેટે રે.

શ્રીગોકુલેશ પ્રભુ વચનામૃતમાં ચાર કક્ષાના વૈષ્ણવો બતાવે છે. (૧) દાસ (૨) સેવક (૩) ભગવદીય (૪) તાદશી - બ્રહ્મસંબંધ લીધું એ બધા જ વૈષ્ણવો ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરે એટલે દાસ કક્ષાના કહેવાય. પ્રભુની સ્નેહપૂર્વક સેવા કરે તે ‘દાસ’માંથી સેવક બને. પ્રભુમાં પ્રેમ અને આસક્તિ વધે ત્યારે તે ભગવદીય બને. પ્રભુના વિરહતાપમાં સતત મસ્ત રહે ને સૌને ભૂલી જાય એ તાદશી.

એ પછી શ્રીગોકુલેશ પ્રભુએ વચનામૃત કરતા કહ્યું કે બે દિવસ પહેલાં જ અમારા જન્મદિવસે સૌ વૈષ્ણવો પ્રસાદ લેવા બેઠા હતા. વૈષ્ણવોની વચ્ચે હું ફરતો હતો તે વખતે કલ્યાણ ભટ્ટને મેં એવા તાદશી વૈષ્ણવનાં દર્શન કરાવેલાં. વૈષ્ણવોની પંગતમાં બેઠેલા એક વૈષ્ણવે પ્રસાદ લેતા, પાતળ પર બેઠાં બેઠાં રડતા હતા. બાજુમાં બેઠેલા વૈષ્ણવે આપશ્રીને એમની ફરિયાદ કરી, મહારાજ, આજના આનંદ મંગલના પ્રસંગે આ વૈષ્ણવ આંસુ પાડે છે અને મહાપ્રસાદ લેતા નથી ! આપે પૂછ્યું, ‘કેમ રે વૈષ્ણવ, શું દુઃખ છે ?’ તેમણે હાથ જોડીને ગદ્ગદ કંઠે કહ્યું : ‘કૃપાનાથ ! દુઃખ કંઈ નથી. આ મહાપ્રસાદનાં દર્શન કરતાં મારા સેવ્ય સ્વરૂપની સ્મૃતિ તાજી થઈ ગઈ. હું તો નિર્ધન છું. આવી ઉત્તમ સામગ્રી મારા ઠાકોરજીને આજે અંગીકાર કરાવી નથી; એટલે તે પ્રસાદ તરીકે લેતાં મનને મૂંઝવણ થાય છે. પ્રભુની સ્મૃતિ તાજી થતાં આંખ ભીની થઈ ગઈ. મને ક્ષમા કરો. આપે નીચા નમી, એ વૈષ્ણવના બંને બાવડા પકડી એમને ઊભા કરી દીધા અને પોતાના હૃદય સાથે લગાવી દીધા અને ખૂબ જ પ્રેમથી કહ્યું, ‘વૈષ્ણવ, તમને ધન્ય છે. આટલા બધામાં તમે એક જ તાદશી વૈષ્ણવ નીકળ્યા, જેમણે પોતાના પ્રભુના સુખનો વિચાર કર્યો. તમે અમારે ત્યાં આવ્યા એથી જ મને વિશેષ આનંદ થયો. તમે ખુશીથી તમારે ઘેર પ્રસાદ લીધા વિના જઈ શકો છો.’ શ્રીગોકુલેશ પ્રભુની આજ્ઞા થતાં જ એ વૈષ્ણવ મુઠ્ઠીઓ વાળીને ઘરે જવા દોડ્યો. ગાંડાઘેલા દેખાતા હોય તેવા વૈષ્ણવનું માપ કાઢવાની ભૂલ કદી નહીં કરવી.

સમગ્ર જગતને બ્રહ્મરૂપ જાણવું જોઈએ પણ બ્રહ્મસ્વરૂપે માણવું જોઈએ.

પ્રભુસેવા આપણું કર્તવ્ય જ નથી પણ સેવા આપણું સર્વસ્વ છે.

ઉત્સવમાં પ્રભુનો શણગાર જરૂર કરો પણ દરરોજ અતિ શણગાર ધરવો એ પ્રભુને પ્રિય નથી.

* * * * *

૮ – પ.ભ. શ્રીમોહન ભાઈજી

શ્રીગોકુલેશ પ્રભુના પરમ કૃપાપાત્ર સેવક શ્રીમોહનભાઈ. તેમને સૌ ભાઈજી ના નામથી ઓળખે. ત્રણ ત્રણ પેઢીથી શ્રીવલ્લભકુળની સેવા કરતી રહી છે. તેમના દાદાના પિતા રામજી શાહ મૂળ પાટણના. ભરૂચમાં વસેલા, શ્રીગુસાંઈજીના સેવક હતા. રામજી શાહના પુત્ર નારાયણદાસ ખંભાતમાં શ્રીગોકુલેશ પ્રભુના સેવક થયા. એને પાંચ પુત્રો હતા. સૌથી મોટા ત્રિકમભાઈએ શ્રીગોકુલેશ પ્રભુ માટે તન, મન, ધન ન્યોછાવર કરી દીધેલું. ઉત્તમમાં ઉત્તમ ચંદનનાં લાકડાં મંગાવી શ્રીગોકુલેશ પ્રભુની સુખશૈયા અને સ્નાન કરવાની સાંગામાંચી સિદ્ધ કરાવેલી, તેમ જ સવા શેર સોનાના વજનનો થાળ બનાવી તેમાં શ્રીગોકુલેશ પ્રભુને ભોજન કરાવેલું. એ પરિવારમાં ત્રિકમભાઈ અને તેમના ચારેય ભાઈઓ શ્રીગોકુલેશજીમાં આસક્ત હતા. આ ત્રિકમભાઈનો જ્યેષ્ઠ પુત્ર તે મોહનભાઈ ભાઈજીના નામે જ ઓળખાય. તેઓ વલંદાઓની આગ્રાની કોઠીના મુખ્ય અધિકારી હતા.

શ્રીગોકુલેશજીમાં એટલી પ્રીતિ અને આસક્તિ છે કે એક વખત તેઓ ઘોડે બેસી પોતાના ઘેરથી કચેરીમાં જતા હતા. ત્યારે એક મુસલમાન ફકીરે સામે આવી કહ્યું : ‘શ્રીગોકુલેશજી કે નામ પર કુછ દે દે.’ ત્યારે પોતાના પ્રાણપ્રિય શ્રીગોકુલેશ પ્રભુનું નામ સાંભળી, ‘ભાઈજી’ એ પોતાના હાથમાં પહેરેલા વજનદાર સોનાના બે કડાં મનોમન શ્રીગુરુદેવને ન્યોછાવર કરી એ ફકીરને આપી દીધા હતા.

એક વખત તેમણે વિલાયતથી દ્રાક્ષની પેટી મંગાવેલી. (એ સમયે ભારતમાં દ્રાક્ષનું વાવેતર થતું નહતું) રસ્તામાં મોટા ભાગની દ્રાક્ષ ખરાબ થઈ ગઈ, પણ જે ઉત્તમ દ્રાક્ષ બચી તે શ્રીપ્રભુને અંગીકાર કરાવવા ગોકુલ લઈ આવ્યા. તેમાંથી શ્રીગોકુલેશ પ્રભુ એક દાણો આરોગ્યા ત્યારે ભાઈજી

એ કહ્યું કે, આપની પ્રસન્નતાથી મારું દ્રવ્ય અને હું ધન્ય બની ગયાં. તેઓ દર રવિવારે આગ્રાથી ગોકુલ આવતા અને સોમવારે વહેલી સવારે ગોકુલ જતા. પ્રભુના સુખનો વિચાર કરે એ જ સાચા વૈષ્ણવ કહેવાય.

ભગવાને ગુપ્ત રહીને દ્રૌપદીનાં ચીર પૂરી તેનું રક્ષણ કર્યું તેમ સદા ગુપ્ત રહીને પણ ભગવાન સદા સર્વ કાર્ય કરે છે.

અંતઃકરણનો સંતોષ એ જ ધર્મપાલનનું ફળ છે. તે વિના ધર્મપાલન પરિશ્રમ (બને) છે.

જેમ તેલ વધારે હોય તેમ દીવાની જ્યોત વધુ પ્રજ્વલિત થાય, તેમ તેટલો પ્રભુનો અનુગ્રહ વધુ તેટલી ભક્તિ વધુ થાય છે.

* * * * *

૯. સાતસો મણ ચણા હાથીઓને ખવડાવ્યા !

એક વખત શ્રીગુસાંઇજી શ્રીગોકુલેશ પ્રભુ સાથે ગઢા શહેરમાં મધ્ય પ્રદેશમાં જબલપુર પાસે બુંદેલખંડ રાજ્યમાં આવેલું ત્યાં વસવાટ કરતા હતા. એક વખત રાણી દુર્ગાવતીનો ઉમરાવ મહારખી શ્રીગુસાંઇજીનાં દર્શને આવ્યો. તે વખતે શ્રીગુસાંઇજીની પાસે તેમના અધિકારી ચાંપાભાઇ હાથ જોડીને ઊભા હતા. શ્રીગોકુલેશજી પણ ત્યાં બિરાજમાન હતા. શ્રીગુસાંઇજીએ કહ્યું, 'ચાંપાભાઇ, ભંડારની ભેજવાળી જગ્યામાં ૭૦૦ મણ ચણા ભર્યા એ જ ખોટું થયું. જે કંઇ અમારા ઘરમાં છે તે બધું પ્રભુ માટે છે. આટલા બધા ચણા આજે તદ્દન ઉબાઇ ગયા છે, કોઇ કામના રહ્યા નથી. પ્રભુને અંગીકાર કરવાની વસ્તુ આવી રીતે બગડે તે ઠીક ન કહેવાય. હવે બીજું શું થઇ શકે ? તેને ફેંકી દો.' શ્રીગુસાંઇજીની બાજુમાં બેઠેલાં રાણીના મહારખીએ શ્રીગુસાંઇજીને હાથ જોડી વિનંતી કરી, 'મહારાજ, મારી એક વિનંતી છે કે આપના ભંડારમાં બગડેલા ચણા મને આપી દો, બદલામાં હું આપને એટલા જ વજનના નવા સારા ચણા આપું.'

'મહારખીજી, આટલા બધા ચણાને તમે શું કરશો ?' 'મહારાજ, માટે ત્યાં ઘણા હાથી છે. હાથીને રોજ ખોરાકમાં બે મણ ચણા આપવા પડે છે, દરેક હાથીને શેર-બશેર ચણા વધારે આપીશું એટલે આપણી પાસેથી લીધેલા ચણા વપરાઇ જશે અને પ્રભુને આરોગવાની વસ્તુનો બગાડ પણ નહીં થાય.'

'કાકાજી, મહારખીની વાત તદ્દન સાચી છે. એ જ પ્રમાણે કરવાની ચાપાભાઇને આપે આજ્ઞા કરો.' એ વાતમાં શ્રીગોકુલેશ પ્રભુએ પણ સંમતિ આપી. આમ શ્રીગુસાંઇજી સમક્ષ યોગ્ય સમયે પોતાનો અભિપ્રાય રજૂ કરતા અને શ્રીગુસાંઇજી પણ તેમના અભિપ્રાયને યોગ્ય રીતે સમર્થન આપતા.

આપશ્રીએ એક વખત વચનામૃત કરતા કહ્યું, 'ભગવદ્‌વાર્તામાં બે ભક્તો તો અવશ્ય જોઇએ. એક વાંચે અને બીજો સાંભળે. ત્યારબાદ બંનેના હૃદયમાં મનોમંથન થાય. તે દ્વારા ભાવ સ્પષ્ટ થાય. જેમ દહીંનું મંથન કરવામાં આવે અને ત્યારબાદ નવનીત (માખણ)ની પ્રાપ્તિ થાય છે તેમ અરસપરસ ભગવદ્‌વાર્તા દ્વારા ભક્તોએ મંથન અનુભવીને સારી વસ્તુને ગ્રહણ કરી લેવી જોઇએ તો જ ભગવદ્ વાર્તામાંથી આપણા જીવનને કૃતકૃત્ય બનાવી શકીએ.'

ઘણા કહે છે કે પ્રભુ કૃપા પ્રાપ્ત કરવા માટેની ભક્તિ તે પુષ્ટિભક્તિ. પરંતુ તે ખોટું છે. પુષ્ટિભક્તિ એટલે પ્રભુની કૃપાથી પ્રાપ્ત થતી ભક્તિ.

ભક્તિ અને જ્ઞાનના ઉત્સવ (આનંદ) વિનાનું જીવન નકામું છે (પણ) શ્રીકૃષ્ણમાં ચિત્તની એકાગ્રતા મોક્ષથી પણ અધિક મૂલ્યવાન છે.

*****

૧૦. પિતૃચરણનું ઋણ ચૂકવે છે

શ્રીગુસાંઈજી લીલામાં પધાર્યા ત્યારે તેમને માથે દેવું હતું. એ સમયે એ દેવાની રકમ રૂા ૩૨૦૦૦- જેટલી થતી હતી. શ્રીગુસાંઈજીનો પરિવાર પણ મોટો હતો. શ્રીનાથજીના નેક ભોગનું પણ ધ્યાન રાખવાનું હતું. શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત હતો કે દેવું કરી પ્રભુની સેવા કરવી નહીં. શ્રીગુસાંઈજી પણ એ સમજતા હતા. અને શ્રીગોકુલેશજી તો પોતાના સેવકોને પણ કદી દેવું ન કરવું એવી આજ્ઞા કરતા હતા. છતાં શ્રીગોકુલેશ પ્રભુને પરિવારના હિત માટે પિતૃઋણમાંથી મુક્ત થવાની જવાબદારી અદા કરવી પડી.

સૌથી મોટા પુત્ર તરીકે ને પિતાના વારસદાર તરીકે એ જવાબદારી શ્રીગિરધરજીને શિરે હતી. પણ લેણદારોને એ કરજ બધાની પાસેથી વસૂલ કરવાનો આગ્રહ આપશ્રી કરી રહ્યા હતા. લેણદારોએ શ્રીગિરધરજીએ લખેલો પત્ર વંચાવ્યો. ‘શ્રીગુસાંઈજીએ લીલામાં પધારતી વખતે ઉપરણો શ્રીગોકુલેશજીને આપ્યો હતો તેથી કરજ તેમને ભરવું જોઈએ.’ શ્રીગોકુલેશજીની વ્યવહાર દક્ષતા, ધર્મ સંરક્ષણની તીવ્ર ભાવના અને પરિવાર પ્રત્યેનો અત્યંત પ્રેમ એ માટે કારણભૂત હતો એટલે એ જવાબદારી સોંપી હતી.

લેણદારોએ શ્રીગિરધરજીને કહ્યું, ‘અમો પૈસા લીધા વિના જવાના નથી. અમે અમારા પ્રાણ આપી લોહી રેડીશું.’ એ વખતે શ્રીનવનીતપ્રિયજીના રાજભોગની તૈયારી હતી. લેણદારોએ દ્વાર આગળ બેસી નવનીતપ્રિયાજીનો થાળ અટકાવ્યો. શ્રીગોકુલેશજીને એ ખબર પડી એટલે તરત જ તેઓ ત્યાં પધાર્યા. તેઓએ કહ્યું કે, ‘શ્રીનવનીતપ્રિયાજીનો રાજભોગ અટકાવવો એ યોગ્ય નથી. જ્યાં સુધી તમારું કરજ ચૂકવાઈ જશે

નહીં ત્યાં સુધી હું અનશનવ્રત (ઉપવાસ) કરીશ. લેણદારો પણ શ્રીગોકુલેશજીની દઢ પ્રતિજ્ઞા સાંભળી ધ્રૂજી ઊઠ્યા અને બે હાથ જોડીને કહ્યું, ‘કૃપાનાથ આપની પાસે કરજ અમો થોડા માગીએ છીએ. આપ તો લેનાર ન હતા.’

આપશ્રીએ કહ્યું કે, ‘અમારા પિતૃચરણે જે કંઈ કરજ લીધું એ પરિવાર માટે લીધું છે. તેમના અંગત ભોગ-વિલાસ માટે લીધું નથી. અમે સૌ ભાઈઓ અમારી અનુકૂળતા માટે અલગ થયા, એનો અર્થ એ નથી કે અમારા પિતૃચરણની જવાબદારીમાંથી મુક્ત થઈ ગયા છીએ. પ્રભુકૃપાએ ગુજરાતના પ્રવાસ દરમિયાન ત્યાંના વૈષ્ણવોએ સારી સેવા આપી છે તેમાંથી કાકાજીનું (શ્રીગુસાંઈજીનું) દેવું વ્યાજ સાથે ચૂકવાઈ જશે.’

શ્રીગોકુલેશ પ્રભુને વૈષ્ણવએ કહ્યું, ‘આપ પ્રસાદ લો તો જ અમો પ્રસાદ લઈશું.’ પરંતુ શ્રીગોકુલેશ પ્રભુ પોતાની પ્રતિજ્ઞામાં અડગ રહ્યા. ‘પ્રાણ જાય અરુ પ્રતિજ્ઞા ન જાય.’

શ્રીલાડબાઈ શ્રીગોકુલેશ પ્રભુનાં અનન્ય સેવિકા હતાં તેમણે શ્રીજીનાં ચરણમાં પડી વિનંતી કરી, ‘કૃપાનાથ, આપ પ્રસાદ લો, કરજ હું બધું ચૂકવી આપું છું. ખરેખર આજે મારું દ્રવ્ય સફળ બનશે.’ વૈષ્ણવો લાડબાઈના આ અલૌકિક ત્યાગને જોઈએ રહ્યા. તેમણે લેણદારોને પોતાની સાથે આવવા કહ્યું. લાડબાઈ રાજસ્થાનમાં આવેલા રણથંભોર રાજ્યના રાજઘરાણાનાં સેવિકા હતાં. તરત જ પોતાના ઘરેથી રૂા. ૩૨૦૦૦ લાવીને ચૂકવી આપ્યાં. તેમનું હૃદય અત્યંત પુલકિત બન્યું. બ્રહ્મસંબંધ મંત્રથી જે સમર્પણની પ્રતિજ્ઞા લીધી હતી તે આજે કૃતાર્થ અને ચરિતાર્થ બની. શ્રીગોકુલેશજીએ દેવું ચૂકવી પિતૃઋણ અદા કર્યું. એ પછી આપશ્રી ભોજન આરોગ્યા.

જેવી પ્રભુની લીલા તેવો ભાવ જાગે. ભાવ પ્રભુ પોતાના હાવભાવથી જગાડે છે. આપણા બળથી ભાવ જાગતો નથી.

ઉત્સવમાં પ્રભુનો શણગાર જરૂર કરો પણ દરરોજ અતિ શણગાર ધરવો એ પ્રભુને પ્રિય નથી.

માપસરની અપરસ તમને સાધક થઈ જશે. નહીં તો તે બાધક પણ નીવડે.

શ્રીઠાકોરજીને શણગાર ધરાવતી વખતે યશોદામાના ભાવથી ગાદી પર બેસવું જોઈએ, પણ સેવામાં આસન કે ગાદી નહીં વાપરવી. પણ જપમાં આસન હોવું જ જોઈએ.

* * * * *

૧૧. પુષ્ટિમાર્ગના પોષક અને રક્ષક

શ્રીમહાપ્રભુજીને પુષ્ટિમાર્ગનું સ્થાપન કરવાનું હતું. શ્રીગુસાંઈજીને માર્ગનો પ્રચાર કરવાનો હતો. શ્રીગોકુલેશજીને માર્ગનું પોષણ ને રક્ષણ કરવાનું હતું. માર્ગનાં રક્ષણ માટે મોગલ બાદશાહ જહાંગીર સામે ટક્કર ઝીલી આપશ્રીએ ૨૦ વર્ષ સુધી ગોકુલમાં સ્થિર વાસ કર્યો. ગોકુલ રહીને સેવકોને હિતવચનો કહી સેવકોના ભાવોનું પોષણ અને રક્ષણ કર્યું. શ્રીગોકુલમાં રહીને આપશ્રી પોતાના સેવ્ય-સ્વરૂપ શ્રીગોકુલનાથજી તથા શ્રીગોવર્ધનનાથજીની સેવામાં સમય નિર્ગમન કરતા હતા. આપશ્રીને ત્રણ પુત્ર અને એક બેટીજી હતાં. શ્રીગોપાલજી, શ્રીવિઠ્ઠલજી અને શ્રીવ્રજરત્નજી. તેમાંથી વચેટ પુત્ર શ્રીવિઠ્ઠલજીનો વંશ આગળ ચાલ્યો. આપશ્રીએ પુત્રોને પણ ઉચ્ચ સંસ્કાર અને જ્ઞાન-સિંચન કર્યું હતું. આપશ્રીના સ્થિર ગોકુલવાસથી શ્રીમદ્ ગોકુલનો મહિમા એટલો વધી ગયો હતો કે વૈષ્ણવો ભાવવિભોર બની ગાતા :

ચાલો સખી શ્રીગોકુલ જઈએ.
નિર્મલ યમુનાજી નાહીએ કે અખંડ વ્રજવાસી થઈએ.

એક પ્રસંગે આપ રાજભોગ ધરી, ઘોડા પર સવાર થઈ અપરસમાં શ્રીગિરિરાજ પધારી શ્રીગોવર્ધનનાથજીની આરતી ઉતારતા હતા. એક વખત રસ્તામાં વૈષ્ણવ અડકી ગયો. આપે સ્નાન કર્યા વગર આરતી ઉતારી. જ્યારે કોઈ વૈષ્ણવે આપશ્રીને પૂછ્યું ત્યારે આપે આ વચનામૃત કહ્યાં : વૈષ્ણવે જ્યારે વૈષ્ણવ વેશ ધારણ કર્યો હોય ત્યારે તે સાક્ષાત્ પ્રભુ જ છે. માટે તેના સ્પર્શથી અપરસ કે મરજાદ છોડાતી નથી. કેટલી વૈષ્ણવ વેશની મહત્તા ?

આપશ્રીએ પુષ્ટિમાર્ગીય વાર્તા-સાહિત્યનું સંશોધન કરી સર્જન કર્યું. ૨૫૨-૮૪ વૈષ્ણવોની વાર્તા-જેમાં પુષ્ટિમાર્ગનું સમગ્ર રહસ્ય છુપાયું છે, એના શ્રીગોકુલેશ પ્રભુ સર્જક છે - આજે પ્રત્યેક વૈષ્ણવને ત્યાં આ વાર્તા-સાહિત્યના સત્સંગ દ્વારા પુષ્ટિમાર્ગનું પોષણ, ભાવવૃદ્ધિ દ્વારા થતું રહે છે. આપશ્રીના હાસ્યામૃતમાં માર્મિક વચનામૃતો હૃદયમાં ઊતરી જાય એવાં છે.

એક વખત એક વૈષ્ણવે ગોકુલેશ પ્રભુને પૂછ્યું : અમે ગોકુલમાં આપશ્રીનાં સાન્નિધ્યમાં રહીએ છીએ છતાં પણ અમારા હૃદયમાં સ્નેહરસ કેમ જાગતો નથી ? ગોકુલનાથજી વૈષ્ણવોના હૃદયના ભાવને ઓળખી ગયા. તેથી તેઓએ કહ્યું કે જ્યાં સુધી તમારામાં હું પુરુષ છું એવો ભાવ છે ત્યાં સુધી સ્નેહ ક્યાંથી ઊપજે. એટલે ભગવદીયોએ ગોપીભાવથી સેવા કરવી જોઈએ. આરતી ઉતારતી વખતે ગોસ્વામી બાળકોના હસ્તમાં કડાં ધારણ કરવામાં આવે છે તેની ભાવના હું ગોપીજન છું એમ માનીને સેવા કરવી જોઈએ. અન્યથા સેવાનું ફળ મળી શકે નહીં. અલૌકિક પ્રેમને એક રાગ બનાવવો મહા કઠિન છે માટે યુગલ સ્વરૂપમાં આસક્તિ રાખી ગોપીજન બનીને વ્રજભક્તોના ભાવથી સેવામાં ઓતપ્રોત થવું જોઈએ.

સંવત ૧૯૬૭ના મહા વદ નોમને દિવસે ૮૯ વર્ષ સુધી ભૂતલ પર બિરાજી વૈષ્ણવોને ભક્તિરસના કૃપાપીયૂષનું દાન આપ્યું અને લીલામાં પધાર્યા. પુષ્ટિમાર્ગના એ ધર્મ સંરક્ષકને કોટિ કોટિ વંદન હજો.

* * * * *

શ્રીગોકુલેશપ્રભુએ લૂંટારાઓમાં ભક્તિભાવ જગાડ્યો.

એક વખત મથુરા જતાં માર્ગમાં શ્રીગોકુલેશ પ્રભુ ભૂલા પડ્યા અને બીજે ગામ જઈ ચડ્યા. તે ગામમાં બધા લૂંટારાઓ રહેતા હતા. શ્રીગોકુલેશ પ્રભુને કોઈ રાજવીકુમાર માની, ચારે બાજુથી ઘેરી લીધા અને મારવા માટે શસ્ત્રો ઊપાડ્યા. પરંતુ શ્રીગોકુલેશ પ્રભુએ આંખના પ્રતાપથી બધાને સ્તબ્ધ બનાવ્યા અને કહ્યું, હું તમોને વૈષ્ણવ બનાવવા માટે આવ્યો છું. માટે સાંભળો, આજથી ચોરીનો ધંધો છોડી દો, આવતી કાલે તમોને નામનિવેદન કરાવીશ. એ પછી ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિમાં તમારું જીવન ઓતપ્રોત બનાવી સંસાર સાગરમાંથી પાર ઉતારવા તમે પ્રયાસ કરો.

શ્રીગોકુલેશ પ્રભુનાં ધીર-ગંભીર વચનોથી લૂંટારાઓના હૃદયમાં ભક્તિનો આવિર્ભાવ થયો. રાત્રિભર એક ચબુતરા પર નિવાસ કર્યો અને સવારે બધાને બ્રહ્મસંબંધ આપી વૈષ્ણવો બનાવ્યા.

શ્રીગુસાંઈજી તથા ચાચા હરિવંશજીએ ભૂલા પડવાનું કારણ પૂછ્યું. હસતાં હસતાં શ્રીગોકુલેશજીએ જણાવ્યું, અમે સીધા માર્ગે જતા હતા પણ અવળે માર્ગે જનારા જીવોનો ઉદ્ધાર કર્યા વગર આગળ કેમ જઈ શકાય તેથી જ આ માર્ગે થઈને હું આવ્યો.

* * * * *